eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 216
February 19, 2010

## ડૉ. આઈશર અહલુવાલીયા, ચેરપર્સન, હાઈ પાવર્ડ એક્ષપર્ટ કમિટિના વડપણ હેઠળ ચાર સભ્યોની કમિટિ સુરત મહાનગરપાલિકાની મુલાકાત



ડૉ. આઈશર અહલુવાલીયા, ચેરપર્સન, હાઈ પાવર્ડ એક્ષપર્ટ કમિટિના વડપણ હેઠળ ચાર સભ્યોની કમિટિ તા. ૧૬–૦૨–૨૦૧૦ અને તા. ૧૭–૦૨–૨૦૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકા ની મુલાકાતે આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૧૫/૦૨/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકાનાં અઠવા ઝોન ના આરોગ્ય વિભાગ ધ્વારા 'સ્વર્ણિમ ગુજરાત–૨૦૧૦' ની કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

"સ્વર્ણિમ ગુજરાત–૨૦૧૦" સંદર્ભે ડે. કમિશ્નરશ્રી(સ્પે.) અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રીના આદેશાનુસાર તથા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરીની ઝુંબેશ રૂપે ડે. કમિશનરશ્રી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ તા. ૧૪–૦૨–૧૦ ના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭–૦૨–૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭–૦૨–૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન ન. પ્રા. શાળા ક્રમાંક ૨૪૬/૨૪૭, ઈશ્વરપુરા, નવાગામ ડીંડોલી રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની કામગીરી

ટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત ધ્વારા વિવિધ વિભાગોમાં જાન્યુઆરી–૧૦ માસ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનાર દર્દીઓની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>



## પુ. રવીશંકર મહારાજની જન્મ દિનની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન

ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ ના વર્ષને સ્વર્ણિમ ગુજરાત તરીકે ઉજવવા નક્કી થયેલ છે. જેના પરીપ્રેક્ષ્યમાં સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે તા. ૧૨–૦૨–૨૦૧૦ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ભટાર રોડ, ઈન્દ્રલોક એપાર્ટમેન્ટની સામે આવેલ સુડાના રીઝર્વ પ્લોટ ઉપર પુ. રવીશંકર મહારાજની જન્મ દિનની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ર્ડા. આઈશર અહલુવાલીયા, ચેરપર્સન, હાઈ પાવર્ડ એક્ષપર્ટ કમિટિના વડપણ હેઠળ ચાર સભ્યોની કમિટિ સુરત મહાનગરપાલિકાની મુલાકાત



ર્ડા. આઈશર અહલુવાલીયા, ચેરપર્સન, હાઈ પાવર્ડ એક્ષપર્ટ કમિટિના વડપણ હેઠળ ચાર સભ્યોની કમિટિ તા. ૧૬–૦૨–૨૦૧૦ અને તા. ૧૭–૦૨–૨૦૧૦ ના રોજ સુરત મહાનગરપાલિકા ની મુલાકાતે આવી હતી.

તા. ૧૬–૦૨–૨૦૧૦ના રોજ તેમણે પાલ ટાન્સફર સ્ટેશનની મુલકાત લીધી હતી. જયાં રાંદેર ઝોનના વિવિધ વિસ્તારોમાંથી લાવવામાં આવેલ કચરો એકત્રિત કરી તેને ડિસ્પોઝલ સાઈટ પર મોકલવાની કામગીરી નિહાળી હતી. ત્યારબાદ ભેંસાણ ખાતેના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભાણકી સ્ટેડિયમ, રાંદેર ખાતેના શહેરી ગરીબો માટેના આવાસોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ વિયર કમ કોઝવે ખાતેના પાળાઓ ની પણ મુલાકાત લીધી હતી.

તા. ૧૭–૦૨–૨૦૧૦ના રોજ કમિટિ દ્વારા ખજોદ ખાતેના સોલીડ વેસ્ટ ડિસ્પોઝલ પ્લાન્ટની મુલાકાત લેવામાં આવી હતી. જયાં એકત્રિત કરવામાં આવેલ કચરાને પ્રોસેસ કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી નિહાળી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. તે ઉપરાંત કમિટિએ કતારગામ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી. ત્યારબાદ સીંગણપોર બાયોગેસ પ્લાન્ટની મુલાકત લીધી હતી અને તેની કામગીરી જોઈ સંતોષ વ્યકત કર્યો હતો.

કમિશ્નરશ્રીએ પેઝન્ટેશન રજુ કરતા જણાવ્યું હતું કે સુરત શહેરએ ગુજરાત રાજયની આર્થિક રાજધાની છે. હીરા ઉદ્યોગ અને કાપડ ઉદ્યોગ માટે સુરત શહેર પ્રખ્યાત છે. અંદાજે ૭ લાખ જેટલા માણસો હીરા ઉદોગમાં કામ કરતા હોવાનું જણાવ્યું હતું.

સુરત શહેરની વસ્તી સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૨૪ લાખ હતી. જે સને ૨૦૧૦માં અંદાજે ૩૮ લાખ ની થશે એમ જણાવી સુરતનો વસ્તીના વધારો દર ઉંચો હોય તેને કારણે ઉભા થનારા પડકારોને પહોંચી વળવા સુરત મહાનગરપાલિકા આગોતરું આયોજન કરી રહયું હોવાનું જણાવ્યું હતું.

હાલ સુરત શહેરમાં ૨ મોટી હોસ્પિટલ, ૩૭ હેલ્થ સેન્ટરો અને ૮ મોબાઈલ ડિસ્પેનસરી કાર્યરત છે. જેના વડે શહેરની જનતાને આરોગ્ય વિષયક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. વધુમાં શહેરમાં ૧૬ સીવીક સેન્ટરો ઉપર શહેરના નાગરિકો મ્યુનિસિપલ વેરા ભરી શકે છે, જન્મ મરણના પ્રમાણ પત્રો, લગ્ન નોંધણી પ્રમાણપત્ર મેળવી શકે છે. તે ઉપરાંત પણ ઘણી બધી સુવિધાઓ નાગરિક સુવિધા કેન્દ્ર દ્વારા પુરી પાડવામાં આવે છે. શિક્ષણ ક્ષેત્રે પણ સુરત મહાનગરપાલિકાએ નોંધ પાત્ર કામગીરી કરેલી છે. હાલ શહેરમાં ૨૭૩ પ્રાથમિક શાળાઓ, ૯ સુમન હાઈસ્કૂલ તથા એક મેડીકલ કોલેજ કાર્યરત છે.

શહેરની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ચાર વોટર વર્કસ ધ્વારા શહેરમાં પાણી પુરુ પાડવામાં આવે છે. ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખી તે અંગેનું આગોતરું આયોજન કરવામાં આવી રહયું હોવાની માહિતી આપી હતી.

અંતમાં ર્ડા. આઈશર અહલુવાલીયાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ કામગીરી જોઈ પોતે પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું.

TOP

# નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા. ૧૫/૦૨/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૨૬ (સીંગણપોર), રેવન્યુ સર્વે નં. ૯૮ માં આવેલ ચિત્રકુટ સોસાયટીમાં પ્લોન્થની ઉપર દુકાનો બનાવવાના ઈરાદે શરૂ કરવામાં આવેલ અંદાજે ૧૫૭૫ ચો.ફુટનું ચણતરનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૧૮/૦૨/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુબ છે.

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) ફાઈનલ પ્લોટ નં. ૬૫માં આવેલ સબ પ્લોટ નં. ૭૪ વાળી રેસીડેન્સીયલ મિલકતમાં મંજુર પ્લાન વિરુધ્ધનું ગ્રાઉન્ડ ફલોરનું ૨૫૦ ચો.ફુટનું ચણતરનું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૧,૫૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગર પાલિકાનાં સા. વે. ઝોન (અઠવા)ના આરોગ્ય વિભાગ ધ્વારા 'સ્વર્ણિમ ગુજરાત–૨૦૧૦' ની કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

"સ્વણિમ ગુજરાત–૨૦૧૦" સંદર્ભે ડે. કમિશ્નરશ્રી(સ્પે.) અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રીના આદેશનુસાર તથા સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરીની ઝુંબેશ રૂપે ડે. કમિશ્નરરી પ્રદિપસિંહ ઝાલાની સુચના મુજબ તા. ૧૪–૦૨–૧૦ ના રોજ આરોગ્ય વિભાગના કાર્યક્ષેત્રમાં આ આવેલ અઠવા ગેટથી ચોપાટી, સુરત ડુમસરોડ(ગૌરવ પથ) સંલગ્ન વિસ્તાર ખાતે લોક જાગૃતિ અભિયાન અંતર્ગત જાહેરમાં ગંદકી કરતી સંસ્થા તેમજ ઈસમોને ચેતવણી આપી તેઓ પાસેથી તેઓ પાસેથી રૂા. ૧૮૬૫૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારમાં હરવા ફરવા આવતી જાહેર જનતાને ગંદકી ન કરવા તેમજ કચરો ડસ્ટબીનમાં જ નાંખવા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

વધુમાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ આદર્શ પછાતવર્ગ, હળપતિવાસ, સર્જન સોસાયટી તથા રૂપાલી નહેર વિસ્તારમાં ગૃપ સફાઈ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે.

TOP

## "સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭–૦૨–૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન

"સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦" ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૭–૦૨–૨૦૧૦ ને શનિવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નિબંધ અને ચિત્રકામ સ્પર્ધાનું આયોજન ન. પ્રા. શાળા ક્રમાંક ૨૪૬/૨૪૭, ઈશ્વરપુરા, નવાગામ ડીંડોલી રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં લિંબાયત ઝોન હદ વિસ્તારની શાળાઓમાં ૫ થી ૭ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓ નિબંધ સ્પર્ધામાં અને માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તા. ૨૫–૦૨–૨૦૧૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા પ્રવેશપત્રો પરત કરવાના રહેશે.

TOP

## મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલની કામગીરી

ટાવર સામે, ભાગળ મેઈન રોડ, સુરત ધ્વારા વિવિધ વિભાગોમાં જાન્યુઆરી—૧૦ માસ દરમ્યાન પુરી પાડવામાં આવતી સેવાઓનો લાભ લેનાર દર્દીઓની વિગત.

- ઓપીડી દર્દી તરીકે સારવાર લેનાર દર્દીઓ — ૧૪,૨૯૪
- દાખલ દર્દીઓ— ૩૨૮
- આઈ.સી.સી.યુ. વિભાગમાં સારવાર લેનાર દર્દીઓ—૪૨
- લેબોરેટરીમાં કરવામાં આવેલ ટેસ્ટ—૯,૬૮૦
- એક્ષ —રે વિભાગના દર્દીઓ —૫૪૦
- દાંત વિભાગના સારવાર લેનાર દર્દીઓ—૫૪૫
- ડોગ બાઈટ સારવાર લેનાર દર્દીઓ—૨૧૨
- ડાયાલીસીસની સંખ્યા—૮૫
- ફેમીલી પ્લાનીંગ વિભાગના દર્દીઓ—૧૧૦
- વેકસીન વિભાગના દર્દીઓ —૪૫૭

**મસ્કતિ ધમાર્થ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સેવાઓ**

| | |
|---|---|
| ૧. ઈમરજન્સી—૨૪ કલાક | ૧૧. રસીકરણ વિભાગ |
| ૨. આઈ.સી.સી.યુ. વિભાગ | ૧૨. ફેમીલી પ્લાનીંગ વિભાગ |
| ૩. સર્જીકલ વિભાગ | ૧૩. લેબોરેટરી |
| ૪. મેડીકલ વિભાગ | ૧૪. ડાયાલીસીસ યુનિટ |
| ૫. ઓર્થોપેડીક (હાંડકા) વિભાગ | ૧૫. સ્કીન (ચામડી) વિભાગ |
| ૬. કાન,નાક,ગળા વિભાગ | ૧૬. ઓપરેશન થીયેટર |
| ૭. દાંત વિભાગ | ૧૭. ન્યુરો સર્જન તથા પીડીયાટ્રીક સેવાઓ |
| ૮. આંખ વિભાગ | ૧૮. ટી.બી. (છાતીના) રોગનો વિભાગ |
| ૯. એક્ષ—રે વિભાગ | ૧૯. માનસિક રોગ વિભાગ. |
| ૧૦. ફિજીયોથેરાપી વિભાગ | |

TOP

## પુ. રવીશંકર મહારાજની જન્મ દિનની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન



ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ ના વર્ષને સ્વર્ણિમ ગુજરાત તરીકે ઉજવવા નકકી થયેલ છે. જેના પરીપ્રેક્ષ્યમાં સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે તા. ૧૨–૦૨–૨૦૧૦ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ભટાર રોડ, ઈન્દ્રલોક એપાર્ટમેન્ટની સામે આવેલ સુડાના રીઝર્વ પ્લોટ ઉપર પુ. રવીશંકર મહારાજની જન્મ દિનની ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સૌ પ્રથમ સુરતની આટી અર્પણ કરી વંદન કર્યા હતા. તે પ્રસંગે સુરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ મંજુલાબેન સાવલીયા, આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતિ સ્મીતાબેન પટેલ, અન્ય મ્યુ. સભયશ્રીઓ પણ સુતરની આટી અર્પણ કરી વંદન કર્યા હતા. જે પ્રસંગે સુડાના તથા સુરત મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓ પણ હાજર રહયા હતા.





ત્યારબાદ અઠવા ઝોનમાં જમના નગર પાસે આવેલ સ્વામી વિવેકાનંદ ગાર્ડનમાં વૃક્ષા રોપણ તથા સફાઈ અભિયાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા વૃક્ષ રોપી ગ્રીન સુરતના અભિયાનને અવિરત ચાલુ રાખવા દ્રષ્ટાંત પુરુ પાડયું હતું. આ અભિયાનમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ મંજુલાબેન સાવલીયા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સ્મીતાબેન પટેલ, ડ્રેનેજ સમિતિના અધ્યક્ષશ્રી પ્રકાશભાઈ આર. રાજપુત, અન્ય મ્યુ. સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ પણ જોડાયા હતા.

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના પ્રથમ તબકકામાં રાંદેર ઝોનમાં સામુહિક સફાઈ ઝુંબેશ, સ્વચ્છ જળની જાળવણી અને પાણીનો કરકસર યુકત વપરાશ, ગરીબ અને પછાત વિસ્તારો માટે સફાઈ અને આરોગ્ય લક્ષી વિવિધ કાર્યક્રમો, હરીયાળા નગરો, ઉર્જા બચત, ટ્રાફિક વ્યવસ્થાપન, વયવંદના અને ઋણસ્વીકાર, શહેરી સફાઈ સ્પર્ધા, ચિત્ર, વકતૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓવિગેરે જેવા વિવિધ કાર્યક્રમો તા. ૧૪–૦૨–૨૦૧૦ થી તા. ૨૦–૦૨–૨૦૧૦ દરમ્યાન રાંદેર ઝોન વિસ્તારમાં યોજવામાં આવનાર છે. શહેરના તમામ નગરજનોને આ વીવધ કાર્યક્રમોમાં સહભાગી થઈ શહેરની અવિરત વિકાસગાથા ચાલુ રાખવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP